# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-07-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમમાં કહ્યું, અમદાવાદ રિવરફ્રન્ટ પર થયેલા સફાઈ અભિયાને સૌનું ધ્યાન ખેંચ્યું
2. વડોદરાની ગતિશક્તિ વિશ્વ-વિદ્યાલયના પદવીદાન સમારોહને સંબોધતા સંરક્ષણ મંત્રીએ દેશને શક્તિ આપનારા યુવાનોની પ્રશંસા કરી.
3. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે યુવાનોને વિકસિત ભારતના લક્ષ્યાંકમાં સહકાર આપવા આગ્રહ કર્યો.
4. રાજ્ય સરકારે કૃત્રિમ બુદ્ધિમત્તા - A.I. અમલીકરણની કાર્યયોજનાને મંજૂરી આપી
5. બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આવતીકાલે અતિભારે વરસાદની સંભાવના

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, અવકાશમાંથી સલામત રીતે પૃથ્વી પર પરત આવેલા ગૃપ કેપ્ટન શુંભાશુ શુક્લા પર દેશને ગર્વ છે.. આજે આકાશવાણી પરથી પ્રસારિત થયેલા “મન કી બાત” કાર્યક્રમમાં શ્રી મોદીએ આ વાત કહી. તેમણે કહ્યું  ઓગસ્ટ 2023 માં ચંદ્રયાન 3 ના સફળ ઉતરણથી બાળકોમાં વિજ્ઞાન પ્રત્યે રૂચિ વધી છે. બાળકોમાં નવીનતાને પ્રોત્સાહિત કરવા શરૂ કરાયેલા ઇન્સપાયર-માનક અભિયાન હેઠળ દરેક શાળામાંથી પાંચ બાળકોની પસંદગી કરાય છે. આ દરેક બાળકો નવા વિચાર સાથે આવે છે. અત્યાર સુધી લાખો બાળકો આ અભિયાનમાં જોડાવવા અંગે શ્રી મોદીએ આનંદ વ્યક્ત કર્યો.

શ્રી મોદીએ અમદાવાદમાં રિવરફ્રન્ટ પર થયેલા સફાઈ અભિયાને સૌનું ધ્યાન ખેંચ્યું હોવાનો પણ ઉલ્લેખ કર્યો.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) ON RIVERFRONT)

**શ્રી મોદીએ આગામી દિવસોમાં આવતા તહેવારો અંગે પણ લોકોને શુભેચ્છાઓ પાઠવી.**

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) ON FESTIVAL..)

. . . . . . . . . . .

# MANN KI BAAT DISTRICT

રાજ્યભરમાં આજે લોકોએ પ્રધાનમંત્રીના મનકી બાત કાર્યક્રમને સાંભળ્યો. ડાંગના વઘઈ તાલુકાના કૃષિ યુનિવર્સિટી ગૃહ ખાતે આજે વિવિધ મહાનુભાવો, ખેડૂતો અને લોકોએ પ્રધાનમંત્રીના કાર્યક્રમને સાંભળ્યો. જ્યારે બનાસકાંઠાના તમામ તાલુકામાં લોકોએ મૉબાઈલ અને ટીવી પર કાર્યક્રમને નિહાળ્યો હતો.

. . . . . . . . . . .

# GATISHAKTI CONVOCATION

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે "ઑપરેશન સિંદૂર"ની સફળતામાં સૈન્ય-તંત્ર વ્યવસ્થાને મહત્વનું કારણ ગણાવ્યું. વડોદરાની ગતિશક્તિ વિશ્વ-વિદ્યાલયના ત્રીજા પદવીદાન સમારોહને આજે વર્ચ્યૂઅલ માધ્યમથી સંબોધતા શ્રી સિંઘે આ વાત કહી.

તેમણે ગતિ-શક્તિ વિશ્વ-વિદ્યાલયની ભૂમિકાને મહત્વની ગણાવતા કહ્યું, જે ગતિથી યુવાનો દેશને શક્તિ આપી રહ્યા છે તે પ્રશંસનીય છે. શ્રી સિંઘે ડિજિટલકરણ, કૃત્રિમ બુદ્ધિમત્તા-A.I. સક્ષમ સૈન્ય તંત્ર પૂર્વાનુમાન અને ટકાઉ માલવાહક પ્રણાલિને ભારતની રાષ્ટ્રીય જરૂરિયાત ગણાવી.

**(BYTE: RAJNATH SINGH, DEFENCE MINISTER)**

આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ગત 11 વર્ષમાં રેલવેમાં થયેલા પરિવર્તન પર પ્રકાશ પાડ્યો. તેમણે સ્નાતક વિદ્યાર્થીઓને દેશની વિકાસયાત્રામાં યોગદાન માટે પ્રોત્સાહિત કર્યા. શ્રી

વૈષ્ણવે યુવાનોને વિકાસના એન્જિન ગણાવ્યા અને તેમને વર્ષ 2047 સુધી વિકસિત ભારતના લક્ષ્યાંકમાં સહકાર આપવા આગ્રહ કર્યો.

**(BYTE: ASHWINI VAISHNAV, RAILWAY MINISTER)**

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# GUJARAT AI ACTION PLAN

રાજ્ય સરકારે ગુજરાતને દેશનું કૃત્રિમ બુદ્ધિમત્તા-A.I. એનેબલ્ડ ગવર્નન્સ લિડર એટલે કે, A.I. સક્ષમ શાસન આગેવાન બનાવવા A.I. અમલીકરણની કાર્યયોજનાને મંજૂરી આપી છે. રાજ્ય સરકારને અદ્યતન A.I. ક્ષમતાઓથી સજ્જ કરવા સમય સીમાની રૂપરેખા તરીકે આ કાર્યયોજના કામ કરશે. તેમજ સેવા વિતરણ, ઉત્તમ નાગરિક જીવનની

સુનિશ્ચિતતા, જીવનમાં ગુણવત્તા વૃદ્ધિ સાથેની સમૃદ્ધ નવીનતાપૂર્ણ A.I. માળખાનું પણ સર્જન થશે.

A.I. અમલીકરણની વ્યૂહરચના એ આંકડા, ડિજિટલ માળખા, ક્ષમતા નિર્માણ, સંશોધન અને વિકાસ, સ્ટાર્ટ-અપ સુવિધા તથા “સલામત અને વિશ્વસનીય A.I.” એમ છ મુખ્ય સ્તંભ પર કેન્દ્રીત છે. દરમિયાન વિદ્યાર્થીઓ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ- M.S.M.E ઉદ્યોગો તથા સરકારી અધિકારીઓ સહિત અઢી લાખથી વધુ લોકોને A.I., M.L. અને સંબંધિત ડૉમૅઈન્સમાં તાલીમ આપવાનું લક્ષ્ય હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . .

# WEATHER FORECAST

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ રાજ્યમાં વરસાદની આગાહી વ્યક્ત કરી છે. દરમિયાન આવતીકાલે બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ અતિભારે વરસાદની સંભાવના છે. ઉપરાંત મધ્ય અને દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લામાં પણ આવતીકાલે ભારે વરસાદ થઈ શકે છે. બીજી તરફ, માછીમારોને આગામી 31 જુલાઈ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

તો રાજ્યમાં આજે સાંજે છ વાગ્યા સુધીમાં 177 તાલુકામાં વરસાદ થયો છે. સૌથી વધુ સવા દસ ઈંચ જેટલો વરસાદ અમદાવાદ જિલ્લાના દસક્રોઇ તાલુકામાં નોંધાયો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 58 ટકાથી વધુ વરસાદ થયો છે.

. . . . . . . . . . .

# STATE RAIN

રાજ્યના અનેક જિલ્લામાં આજે વરસાદી માહોલ છવાયેલો જોવા મળ્યો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરમાં સ્ટેટ એમરજન્સી કન્ટ્રોલ રૂમ- S.E.O.C. કેન્દ્રની મુલાકાત લઇ રાજ્યમાં વરસાદની પરિસ્થિતિની માહિતી મેળવી. તેમજ સુરેન્દ્રનગર, પાટણ, અરવલ્લી, અમદાવાદ, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા અને ખેડાના કલેક્ટર સાથે ટેલિફોનિક વાતચીત કરી. તેમણે કલેક્ટર્સને સ્થિતિ પર નજર રાખવા અને સમગ્ર વહીવટી તંત્રને સતર્ક રહી S.E.O.C. સાથે સંપર્કમાં રહી જિલ્લાની સ્થિતિથી વાકેફ રાખવા સૂચના પણ આપી.

. . . . . . . . . . .

# MANDAVIYA GUJARAT VIDYAPEETH

કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ વ્યસનને સૌથી મોટી સમસ્યા ગણાવતા તેની સામે સૌને સાથે મળી લડવા અપીલ કરી. તેમણે પાયાના શિક્ષણને આત્મસાત કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો. અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠ ખાતે આજે યોજાયેલા “ગુજરાત નઈ તાલીમ સંઘની સામાન્ય સભા, દ્વિ-વાર્ષિક સંમેલન અને રાજ્યકક્ષાની સંગોષ્ઠી” કાર્યક્રમમાં શ્રી માંડવિયાએ આ વાત કહી. તેમણે લોકોને સફળ થવા અંગે માર્ગદર્શન આપ્યું.

(BYTE: DR. MANSUKH MANDAVIYA, UNION MINISTER)

આ પહેલા શ્રી માંડવિયાએ અમદાવાદમાં સાબરમતી આશ્રમથી ગૂજરાત વિદ્યાપીઠ સુધીના માર્ગ પર "સન્ડે ઑન સાયકલ" કાર્યક્રમમાં ભાગ લઈ સાઈકલ ચલાવી હતી. તેમની સાથે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળના જવાનો પણ જોડાયા હતા.

. . . . . . . . . . .

# PATAN BALVANT SINGH

પાટણ જિલ્લામાં ગત રાતથી ભારે વરસાદ વરસી રહ્યો છે. જિલ્લાના નવ તાલુકા વિસ્તારમાં સાર્વત્રિક વરસાદ થયાના અહેવાલ છે. ત્યારે કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતે આજે સિદ્ધપુર પંથકમાં વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી. કેટલાક ગામમાં રૂબરૂ જઈ તેમણે પરિસ્થિતિનું નિરીક્ષણ પણ કર્યું. સિદ્ધપુર પંથકમાં સાત ઈંચથી વધુ વરસાદ નોંધાતા ઋષિ તળાવ અને પેપલ્લા તળાવ સહિત અનેક નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ધયા છે.

. . . . . . . . . . .